# રમેશ પારેખની કવિતામાં વિશ્વચેતના

**પ્રા. હિરજી સિંચ, સરકારી વિનયન કોલેજ, રાણાવાવ**

રમેશ પારેખ ગુજરાતી કવિતાજગતની એક અદ્વિતીય ઘટના હતી, અને રહેશે. રમેશ પારેખ મુશળધાર વરસ્યા અને ગુજરાતી કવિતાને ન્યાલ કરી દીધી. રમેશ પારેખના ગજાના કવિની રાહ જોવી જ રહી. કામણગારી કવિતાના સ્વામી કવિ રમેશ પારેખ ૨૭મી નવેમ્બર, ૧૯૪૦ના રોજ જન્મ્યા અને જાણે ગુજરાતી કવિતાજગતમાં એક નવા યુગનો ઉદય થયો. રમેશ પારેખની એક વ્યાપક ઓળખ ગીતકવિની રહી છે. ખરેખર તો ગીત, ગઝલ અને અછાંદસ એમ એકસાથે ત્રણેય સ્વરૂપમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. ગીત, ગઝલ અને અછાંદસ એમ એકસાથે ત્રિવિધ સ્વરૂપમાં ઇયત્તા અને ગુણવત્તાની દષ્ટિએ વિપુલ સર્જન કરનાર ગુજરાતી સાહિત્યમાં રમેશ પારેખ સિવાય અન્ય કોઇ કવિ નથી. રમેશ પારેખની વિશેષતા છે એમની કવિતાનું વિષયવૈવિધ્ય અને સમૃદ્ધ કલ્પનવૈભવ. રમેશ પારેખની વ્યક્તિમત્તાનો પરિચય એમની કવિતાનું વિષયવૈવિધ્ય કરાવે છે. પ્રેમ, પ્રકૃતિ, પ્રભુભક્તિ, નગરસંવેદના તો હોય જ પણ 'કાગળો મરી ગયો', 'એનું X-Ray દશર્ન', '૯૯ વર્ષના રજપૂતનું ઊર્મિગીત', 'બે કાન વચ્ચે માથુ', 'બાબુભાઇ (**B.A.**)નું હાલરડું', ''મ' પુરાણ', 'શિકારીની બંદુકમાં ઊગેલા બે ગીત', 'પેનબાઇ ઈંડુ કયાં મૂકશો ?', 'કલમને કાગળ ધાવે' વગેરે કાવ્યશીર્ષકો કવિનું વિષયવૈવિધ્ય ચીંધે છે. ગુજરાતી કવિઓનું સંવેદન કયારેય સીમિત રહ્યું નથી. ગુજરાતી કવિઓનું સંવેદન વૈશ્વિક ફલક સુધી વિસ્તર્યું છે. એ પછી ઉમાશંકર જોશી હોય, કે સુન્દરમ હોય, હરિશ્ચંદ્ર ભટ્ટ હોય કે પછી રમેશ પારેખ હોય. ગુજરાતી કવિઓની કવિતામાં વિશ્વચેતના ધબકતી જોવા મળે છે. ઉમાશંકર જોશી એમની વિશ્વચેતનાની ભાવના આ રીતે અભિવ્યક્ત કરે છે :

***" વ્યક્તિમટી બનું વિશ્વમાનવી***
***માથે ધરું ધૂળ વસુંધરાની"***

ઉમાશંકર જોશીને વ્યક્તિમટી વિશ્વમાનવી બનવાની ખેવના છે. ઉમાશંકર જોષીની માફક કવિ રમેશ પારેખની કવિતામાં પણ વિશ્વસંવેદના ઝિલાઇ છે. આ સ્થાનેથી રમેશ પારેખની વિશ્વચેતનાને અભિવ્યક્ત કરતી કવિતાઓ તપાસવાનો ઇરાદો છે. આ લખાણ માટે રમેશ પારેખ રચિત 'છ અક્ષરનું નામ' સમગ્રકવિતાની પાંચમી આવૃત્તિ, ઓકટોબર ૨૦૦૯ને ખપમાં લીધી છે.

***'નથી સમાતો આજ હવે તો***
***હું આ મારા છ અક્ષરમાં'***

એમ કહી રમેશ પારેખ પોતાની ઓળખ આપે છે કે પોતે હવે આ છ અક્ષરમાં સીમિત નથી. કવિએ અહીં પોતાની વિસ્તૃત સંવેદનાશક્તિ અને વિચારશક્તિનો સંકેત આપી દીધો છે. અન્ય એક શે'રમાં પોતાનું સરનામું આપતા કહે છે તે પણ સૂચક છે :

***'ચીંધ આખું <u>વિશ્વ</u> તું એને રમેશ***
***જેને સરનામું ર.પા.નું જોઇએ'***

રમેશ પારેખનું સરનામું એટલે આ વિશાળ આખું વિશ્વ. રમેશ પારેખ કહે છે કે કોઇ વ્યક્તિને રમેશ પારેખનું સરનામું જોઇએ તો તેમને આ આખું વિશ્વને ચીંધ. આમ, રમેશ પારેખ વિશ્વમાં વિસ્તરલા કવિ છે. કવિ વિશ્વમાં વિસ્તર્યા છે, એટલું જ નહીં પણ કવિ વિશ્વને પોતાની પ્રિયતમા ગણે છે અને ચાહે છે. જુઓ–

***'<u>વિશ્વ</u> મારી પ્રિયતમા છે'***

× × ×

***'મારું કાવ્ય એ તો***
***મેં <u>વિશ્વ</u>ના હોઠ પર કરેલું ચુંબન છે.'***

આમ રમેશ પારેખ માટે સમગ્ર વિશ્વ એની પ્રિયતમા છે અને એમની કવિતા પ્રિયતમાના (વિશ્વના) હોઠ પર કરેલું ચુંબન છે. રમેશ પારેખની વિશ્વચેતના એ ઉમાશંકર જોષીની વિશ્વચેતનાથી આ રીતે અલગ પડે છે. ઉમાશંકર જોષીને વિશ્વમાનવી બનવાની ખેવના છે, જયારે રમેશ પારેખ આ વિશ્વ સાથે એકાકાર થયેલા કવિ છે. રમેશ પારેખની વિશ્વ સાથેની ગાઢ આત્મીયતાનો પરિચય ઉપરોક્ત પંક્તિઓમાંથી મળી રહે છે.